**ક્રમાંક-૨૧**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તા.૨૫-૦૩-૨૦૨૧ના રોજ ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા માટે ૧૨થી ૧૫ મિનિટ જેટલો સમય પસાર થયો હોઇ ટૂંકી મુદતના પ્રશ્નને તારાંકિત પ્રશ્નોત્તરીના સમયમાં સામેલ ન કરતાં અલગ સમય ફાળવવા બાબતે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૧થી ૯૦, લોકસભાની પ્રશ્નોની કાર્યરીતિ અને પ્રણાલીઓ તથા આ વિષય ઉપર પૂરોગામી અધ્યક્ષોએ આપેલા નિર્ણયોનો હવાલો આપી, ટૂંકી મુદતના પ્રશ્ન માટે સંબંધિત મંત્રીશ્રીની અનુકૂળતાને ધ્યાને લઇ ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કરવામાં આવે છે અને તારાંકિત પ્રશ્નોત્તરીના સમય ગાળા દરમિયાન જ ટૂંકી મુદતના પ્રશ્નને અગ્રતા આપી ચર્ચા માટે હાથ ધરવામાં આવે છે તેમ જણાવી, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયકની ચર્ચા માટે વિધેયકની નકલ ચાર દિવસ પહેલા મળવા બાબત**

માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વિધેયક સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરવામાં આવે તે પહેલાં વિધાનસભાના નિયમો અને પ્રણાલી તેમજ પૂર્વ અધ્યક્ષોએ આપેલ નિર્ણય અનુસાર કામકાજના ચાર દિવસ પહેલાં દરેક સભ્યશ્રીને મળવી જોઇએ તેમ જણાવી આજ રોજ ચર્ચા માટે હાથ ધરાનાર વિધેયક ક્રમાંક-૧૮, ૧૯ અને ૨૦ સભ્યોને મોડા મળ્યા હોવાથી તેના પરની ચર્ચા મોકુફ રાખવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો, જેનું વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમર્થન કર્યું.

માનનીય સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યશ્રીઓને વિધેયકની નકલ પહોંચાડવામાં વિલંબ થયો હોવાનો સ્વીકાર કર્યો અને વિધેયકની અંગ્રેજી ભાષામાં નકલ સભ્યશ્રીઓને પહેલાં પહોંચાડવામાં આવેલ હોવાનું જણાવ્યું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની વાતનું સમર્થન કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરતાં જણાવ્યું કે, વિધેયક ચર્ચા માટે લેવાની બાબત અધ્યક્ષના ક્ષેત્રાધિકારમાં હોઇ અને મેં પરવાનગી આપેલ હોઇ તેના પર ચર્ચા મોકુફ રાખવાની માગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. આમ છતાં વિધેયક મોડા મળવાની બાબત સાચી છે અને તેનો મંત્રીશ્રીએ પણ સ્વીકાર કર્યો છે, ત્યારે સંબંધિત વિભાગોને એ અંગે ઠપકો આપું છું અને વિધેયકની નકલ નિયમ-૧૩૦ની જોગવાઇ મુજબ જે દિવસે વિધેયક વિચારણા માટે હાથ ધરવાનું હોય તેના ચાર દિવસ પહેલાં મોકલવાની કાળજી લેવા જણાવું છું.

**૩. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિંમતસિંહ પટેલ
(૨) શ્રી ઇમરાન ખેડાવાલા
(૩) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૪) શ્રી બાબુભાઇ વાજા
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી જશુભાઇ પટેલ
(૭) શ્રી ભગાભાઇ બારડ
(૮) ડો. અનિલ જોષીયારા
(૯) શ્રી કનુભાઇ બારૈયા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૧નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા(સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૨) શ્રી જગદીશભાઇ પટેલ

(૩) શ્રી કીરીટકુમાર પટેલ (પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી કીરીટકુમાર પટેલે પોતાનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

(૫) શ્રી અંબરીષભાઇ ડેર

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૧નું ગુજરાત ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૩) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૫) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

શ્રી ઋત્વિકભાઇ મકવાણા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૨૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૭ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧ થી ૨૨ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવા બાબત.**

સભ્યશ્રી કીરીટકુમાર પટેલે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડિકલના પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલ છાત્રોને રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવામાં આવતાં, મહેનતુ વિદ્યાર્થીઓમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા’’અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના ખુલાસાત્મક જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રાજ્ય કાપડ નિગમ લિમિટેડ તથા તેની ત્રણ સબસિડિયરી કંપનીઓ (૧) ગુજરાત ટેક્ષફેબ પ્રા.લિ. (૨) ગુજરાત ફાઇનટેક્ષ પ્રા.લિ. અને (૩) ગુજરાત સીલ્ટેક્ષ પ્રા.લી.ના અનુક્રમે સન ૨૦૧૨–૧૩થી ૨૦૧૮–૧૯ તથા સન ૨૦૧૨–૧૩થી તા. ૧૨–૧૨–૨૦૧૮ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૮–૦૯ થી ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(૩) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૪) ગુજરાત રાજ્ય ત્રીજા નાણા પંચનો અહેવાલ તથા પૂરક અહેવાલ અને તેમાં કરાયેલ ભલામણો પરત્વે રાજ્ય સરકારે લીધેલ/લેવા ધારેલ નિર્ણય/પગલાંઓ અંગેનો અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૦–૨૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૧–૨૨ના અંદાજો

**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુ**

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૧૦–૩–૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:–જીએચયુ–૨૦૨૧–(૨૧)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**ઊર્જા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૪. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર

(૨) શ્રી અર્જુનસિંહ ચૌહાણ

**(વિરામ સાંજના ૫.૩૦ થી ૬.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી કીરીટકુમાર પટેલ

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી

(૨) ડો. અનિલ જોષીયારા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર

મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) રાજ્યકક્ષાના માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૨) શ્રી ભગાભાઇ બારડ
(૩) ડો. અનિલ જોષીયારા
(૪) શ્રી જીગ્નેશકુમાર સેવક

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા.૧લી એપ્રિલ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૪૧ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**